પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-11-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

1. શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત સેવાઓ પુરી પાડવા બદલ સાબરકાંઠા જિલ્લાના 18 આયુષ્માન આરોગ્ય મંદિરને રાષ્ટ્રીય કક્ષાનું સર્ટિફિકેટ મળ્યું
2. રાજ્યમાં ૩ લાખથી વધુ સ્વ-સહાય જૂથોએ ૩૦ લાખથી વધુ ગરીબ મહિલાઓના આર્થિક ઉન્નતિના દ્વાર ખોલ્યા
3. વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ત્રિ-પાંખીયા ચૂંટણી જંગમાં પ્રચાર વેગવંતો બન્યો
4. ઐતિહાસિક શહેર વડનગરમાં બે દિવસીય તાના-રીરી સંગીત સમારોહનો આવતીકાલથી પ્રારંભ
5. 68મી શાળાકીય અખિલ ભારતીય રમત સ્પર્ધાની રાજ્યકક્ષાની સ્પર્ધામાં જાનવીબા પરમારે અંડર 14માં 400 મીટર દોડમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો

-------------------------------------

SABARKANTHA – NQAS

આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત સેવાઓ પુરી પાડવા બદલ સાબરકાંઠા જિલ્લાના 18 આયુષ્માન આરોગ્ય મંદિરને રાષ્ટ્રીય કક્ષાનું નેશનલ ક્વૉલીટી એશ્યોરન્સ સર્ટિફિકેટ NQAS મળ્યું છે. સાબરકાંઠા જિલ્લાએ સમગ્ર રાજ્યમાં NQAS મેળવવામાં અગ્રીમ હરોળમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. NQAS મળવાથી જિલ્લાની યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે. જિલ્લામાં કુલ 46 આયુષ્માન મંદિરોને NQAS મળ્યા છે.

કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે સરકારી આરોગ્ય સેવાઓ પુરી પાડતી જુદી જુદી સંસ્થાઓને NQAS આપવામાં આવે છે.

સાબરકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે NQAS માટે રાષ્ટ્રીય કક્ષાએથી ટીમની નિમણૂક કરવામાં આવે છે, જે નક્કી કરેલા સેન્ટરોની મુલાકાત

લઇને જરૂરી મુદ્દાઓની ચકાસણી કરે છે. જેનો મુખ્ય આશય દર્દીઓને ગુણવત્તાસભર સેવાઓ આપવાનો છે.

-------------------------------------

## SELF HELP GROUP

રાજ્યમાં ગ્રામીણ મહિલાઓ સ્વ-સહાય જૂથની રચના કરીને “આત્મનિર્ભરતા” તરફ ડગ માંડી રહી છે. રાજ્યમાં ૩ લાખથી વધુ સ્વ-સહાય જૂથો કાર્યરત છે. ૩૦ લાખથી વધુ ગરીબ મહિલાઓના આર્થિક ઉન્નતિના દ્વાર ખૂલ્યા છે.

અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૧ લાખ ૧૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથોને ૩૭ હજાર ૬૬૭ કરોડ રૂપિયાથી વધુની કેશ ક્રેડિટ આપવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં ૨ લાખથી વધુ સ્વ-સહાય જૂથોને ૧૮૨ કરોડ થી વધુ રિવોલ્વિંગ એટલે કે ફરતુ ફંડ આપવામાં આવ્યું છે.

રાજ્યમાં ૧ લાખ ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથોને અત્યાર સુધીમાં ૭૫૩ કરોડ ૪૩ લાખ રૂપિયાથી વધુની કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ એટલે કે સમુદાય મૂડીરોકણ ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

રાજ્યમાં કુલ ૧૧ હજાર ૧૫૧ ગ્રામ સંગઠનો અને ૯૨૩ જેટલા ક્લસ્ટર કક્ષાના ફેડરેશન પણ કાર્યરત છે.

રાજ્યના કુલ ૩૩ જિલ્લામાં સ્વ-સહાય જૂથો માટે ૩૩ સરસ મેળા યોજાયા હતા. જેમાં સ્વ-સહાય જૂથો દ્વારા ૩ કરોડ ૬૫ લાખ રૂપિયાથી વધુનું વેચાણ થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વ-સહાય જૂથની પ્રેરણા આપી હતી. આવા સ્વ-સહાય જૂથોને રાજ્ય સરકાર તરફથી જરૂરી તમામ સહાય આપીને સખીમંડળો સાથે જોડાયેલી મહિલાઓને આત્મનિર્ભર કરવાનો દેશમાં આ નવો પ્રયાસ રાજ્ય સરકારે કર્યો હતો.

-------------------------------------

**C.M. VADTAL**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું છે કે આપણા ધર્મ, આસ્થા અને સાંસ્કૃતિક ચેતનાના કેન્દ્ર–ના અનુરૂપ વિકાસનો એક નવા યુગનો પ્રારંભ થયો છે.

પવિત્ર તીર્થધામ વડતાલ ખાતે ઉજવાઇ રહેલા લક્ષ્મી નારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહભાગી થયા હતાં. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે આ ઉત્સવ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા માટે વિકસિત ગુજરાત માટે સંકલ્પબદ્ધ થવાની પ્રેરણા પુરી પાડે છે.

આ પ્રસંગે સંસ્થાના આચાર્ય રાકેશ પ્રસાદજી મહારાજે જણાવ્યું હતું કે લક્ષ્મી નારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ લાખો હરિભક્તોની સેવા અને સમર્પણ ભાવને વ્યક્ત કરે છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વડતાલ દ્વિશતાબ્દી મહોત્સવની પાંચ રૂપિયાની ટપાલ ટિકિટનું વિમોચન કર્યું હતું.

-------------------------------------

**BANASKANTHA- VAV BY ELECTION**

બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ત્રિ-પાંખીયા ચૂંટણી જંગમાં પ્રચાર વેગવંતો બન્યો છે. ઉમેદવારો દ્વારા ગામડે-ગામડે સભાઓ કરાઇ રહી છે. ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરે ખડોલ, ચાળા, લિંબાળા અને જેલાણા સહિત 13 સભાઓ કરી, તો બીજી તરફ મંત્રી ભીખુસિંહ પરમાર અને અલ્પેશ ઠાકોરે પણ સ્વરૂપજી ઠાકોરના પ્રચારના સનેખડા, અને કુવાળા સહિતના વિવિધ ગામોમાં ચૂંટણી સભાઓ ગજવી.

અપક્ષ ઉમેદવાર માવજી પટેલે યુવા મતદારોને આકર્ષવા આજે ઢીમા ગામેથી વિશાળ બાઇક રેલી યોજીને વાવના અનેક ગામોમાં સભાઓ કરી તો કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત અને સાંસદ ગેનીબેન ઠાકોરે પણ ગોસણ, તનવાડ અને યાત્રા સહિતના વિવિધ ગામોમાં ચૂંટણી સભાઓ સંબોધી, મતદારોને આકર્ષી જન આશીર્વાદ મેળવી રહ્યા છે.

-------------------------------------

**MAHISAGAR - KUBER DINDOR**

રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે વર્ષ 2023-24નો ડ્રોપ આઉટ રેશિયો 5.4 ટકા છે.

શિક્ષણમંત્રી કુબેર ડીંડોરે ડ્રોપ આઉટ રેશિયા અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલી કરવામાં આવી છે.

-------------------------------------

**MID BREAK- NEWS- REGIONAL**

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

-------------------------------------

**TANA RI RI MAHOTSAV**

ઐતિહાસિક શહેર વડનગરમાં બે દિવસીય તાના-રીરી સંગીત સમારોહનો આવતીકાલથી પ્રારંભ થશે. આ વર્ષે એવોર્ડ તાના-રીરી સમારોહમાં ખ્યાતનામ મહિલા પ્રતિભા સુશ્રી વિદુષી પદ્મા સુરેશ તલવલકર અને ડો.પ્રદીપ્તા ગાંગુલીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદહસ્તે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ એનાયત કરવામાં આવશે.

તાના-રીરી એવોર્ડથી સન્માનિત શાસ્ત્રીય સંગીતની મહિલા પ્રતિભાઓને અઢી લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર, તામ્રપત્ર અને શાલ અર્પણ કરવામાં આવશે. એવોર્ડ સમારોહમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મુળુભાઇ બેરા, ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા તાના-રીરી મહોત્સવમાં દેશના પ્રખ્યાત કલાકારો સંગીતકલા રજૂ કરે છે. આવતીકાલે નીરજ અને અમી ગ્રુપ તેમજ મૈથિલી ઠાકુર શાસ્ત્રીય ગાયન અને જાણીતા લોકગાયક ઓસમાણ મીર તેમના ગાયનથી શ્રોતાઓને

ડોલાવશે. સોમવારે શશાંક સુબ્રમણ્યમ વાંસળી વાદન અને પાર્થિવ ગોહિલ ગ્રુપ સંગીતના સુરો રેલાવશે.

------------------------------------

## GOLD MEDAL

68મી શાળાકીય અખિલ ભારતીય રમત સ્પર્ધાની રાજ્યકક્ષાની સ્પર્ધામાં જાનવીબા પરમારે અંડર 14માં 400 મીટર દોડમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. જ્યારે 400 મીટર રીલે દોડમાં રજત ચંદ્રક મેળવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાપા ગામની દીકરી અને ભોલેશ્વર સ્પોર્ટસ શાળામાં અભ્યાસ કરતી જાનવીબા પરમાર હાપા એક્સપ્રેસના નામથી જાણીતી છે. આ ગૌરવશાળી સિદ્ધ માટે જાનવીબાને તેના પરિવાર, કોચ અને શાળાના આચાર્ય અને હાપાના ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા છે.

----------------------------------

## NAVSARI – FIRE

નવસારી જિલ્લાના ગણદેવી - બીલીમોરા રોડ ઉપર આવેલા એક ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં આગ લાગતાં 3 વ્યક્તિઓના મોત નીપજ્યા છે, અને 4 ને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

અમારા નવસારીના પ્રતિનિધિ અશોક પટેલના જણાવ્યા મુજબ બીલીમોરા નજીક દેવસર ખાતે આવેલા એક ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં સવારે ટ્રકમાંથી કેમિકલના ગોડાઉનમાં કેમિકલના ડ્રમ ઉતારતી વખતે અચાનક આગ લાગી હતી.. ફાયર બ્રિગેડે આગ કાબૂમાં લેતાં ત્રણ મૃતદેહો મળી આવ્યા હતા. અન્ય 4 મજુરો ઘાયલ થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. ઘટનાની પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

-------------------------------------

Russian captain

કંડલાથી કુજેરા બંદરે જતા જહાજમાં મદધરિયે કેપ્ટનની તબિયત ખરાબ થતાં રેસ્ક્યુ-કરીને કેપ્ટનને પોરબંદરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

અમારા પોરબંદરના પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે એમ.ટી.નિખિલ નામનું જહાજ કંડલાથી કુજેરા બંદરે જઇ રહ્યું હતું, ત્યારે જહાજના રશિયન કેપ્ટન એલેકઝાન્ડરની તબિયત લથડી હતી. સારવાર માટે પોરબંદર બંદરે જી.એમ.બી. કચેરીમાં તાત્કાલિક મદદ માટેનો સંદેશ મળ્યો હતો.

આ જહાજને પોરબંદર તરફ વાળીને બીમાર કેપ્ટનને તાત્કાલિક પોરબંદરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

-------------------------------------

NEWS IN BRIEF

અને હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી 11મી નવેમ્બરે સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી મગફળી પાકની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવશે.
2. જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ ભરૂચ જિલ્લાના આમોદ અને જંબુસર જૂથ પાણી પુરવઠા યોજનાના કામોની સ્થળ મુલાકાત લઇ સમીક્ષા કરી હતી.
3. સાબરકાંઠાના પ્રભારી સચિવ ટી.નટરાજની ઉપસ્થિતિમાં હિંમતનગર ખાતે સમીક્ષા બેઠક યોજાઇ હતી.
4. રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા કચ્છી ખેડૂતો માટે ભચાઉ તાલુકાના કુંભારડી ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો.
5. ગોધરા ખાતે એસ.જી.એફ.આઇ. શાળાકીય રાજ્યકક્ષાની અંડર -19 ભાઇઓ માટેની એથ્લેટીક સ્પર્ધા યોજાઇ.

-----------------------------------

## SURAT-PM INTERNSHIP YOJNA

કેન્દ્ર સરકાર દ્વારા 21 થી 24 વર્ષની વય જૂથના યુવકો માટે પીએમ ઇન્ટર્નશીપ યોજના 2024 શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત સુરતના ઉમેદવારો 10 નવેમ્બર સુધી ઓનલાઇન અરજી કરી રજીસ્ટ્રેશન કરાવી શકશે.

આ યોજના અંતર્ગત યુવાનોને ભારતની અગ્રણી 500 કંપનીઓમાં 12 મહિના માટે કામ કરવાનો અવસર મળશે. સાથે જ ઇન્ટર્નશીપ કરતાં વિદ્યાર્થીને પ્રતિમાસ પાંચ હજાર રૂપિયા મળવાપાત્ર રહેશે.

-----------------------------------